સ્વૈચ્છિક દબાણ ન હટાવતા આખરે તંત્રએ કડક વલણ અપનાવ્યું

વારસીયા રિંગ રોડ પર મકાનોના ગેરકાયદે ઓટલા-શેડ પર પાલિકાનું બૂલડોઝર ફરી વળ્યું

શહેરના અન્ય વિસ્તારોમાં પણ કાર્યવાહીના સંકેત

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને દબાણમુક્ત કરવા અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. જે અંતર્ગત આજે શહેરના વારસીયા રિંગ રોડ વિસ્તારમાં પાલિકાની દબાણ શાખાએ આક્રમક કાર્યવાહી હાથ ધરી હતી. સોસાયટીના આંતરિક માર્ગો પર કરવામાં આવેલા ગેરકાયદેસર વધારાના બાંધકામો પર પાલિકાનું

બુલડોઝર ફરી વળતા સ્થાનિક રહીશો અને ગેરકાયદે બાંધકામ કરનારા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, વારસીયા રિંગ રોડ પર આવેલી એક રહેણાંક સોસાયટીમાં કેટલાક મકાનમાલિકોએ પાર્કિંગ અને સામાન્ય જગ્યામાં નિયમ વિરુદ્ધ જઈને વધારાનું પાકું બાંધકામ ખડકી દીધું હતું. આ ગેરકાયદે બાંધકામને કારણે સોસાયટીના અન્ય રહીશોને અવરજવરમાં મુશ્કેલી પડતી હોવાથી એક જાગૃત નાગરિક દ્વારા પુરાવાઓ સાથે પાલિકા કચેરીમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરિયાદના આધારે ટાઉન પ્લાનિંગ વિભાગ અને દબાણ શાખાએ સ્થળ તપાસ કરી હતી, જેમાં મકાન ધારકો દ્વારા કરવામાં આવેલું બાંધકામ ખરેખર ગેરકાયદે હોવાનું સાબિત થયું હતું.

તંત્ર દ્વારા આ મામલે કાયદેસરની પ્રક્રિયા હાથ ધરીને ત્રણ મકાન ધારકોને અગાઉ નોટિસ ફટકારવામાં આવી હતી. નોટિસમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે તેઓ સ્વેચ્છાએ આ દબાણ દૂર કરી લે, અન્યથા પાલિકા દ્વારા તોડી પાડવામાં આવશે. જોકે, મકાન માલિકોએ આ નોટિસને ગંભીરતાથી ન લેતા અને દબાણ દૂર ન કરતા આખરે આજે પાલિકાની ટીમ એક્શન મોડમાં આવી હતી.

આજે સવારે દબાણ શાખાની ટીમ જેસીબી મશીન અને મશીનરીના કાફલા સાથે વારસીયા રિંગ રોડ પહોંચી હતી. કાર્યવાહી દરમિયાન કોઈ ઘર્ષણ કે અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ તૈનાત કરવામાં આવ્યો હતો. પાલિકાના બુલડોઝરે જોતજોતામાં ત્રણ મકાનોના ગેરકાયદે વધારાના બાંધકામોને તોડી પાડી જમીનદોસ્ત કરી દીધા હતા.

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર ખાતે સફળ રોજગાર ભરતી મેળો યોજાયો

8 ઉમેદવારોની પ્રાથમિક પસંદગી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુ.ઈ.બી.), દ્વારા આજે કમાટીબાગ સામે આવેલી યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની બાજુમાં સ્થિત રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર ખાતે વિશાળ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક યુવાનોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી યોજાયેલા આ ભરતી મેળામાં 34 ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાંથી વિવિધ કંપનીઓ દ્વારા 8 ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. પસંદગી પામેલા ઉમેદવારોને માસિક રૂ.15 હજારથી રૂ.25 હજાર સુધીના વેતનની ઓફર કરવામાં આવી છે.

ભરતી મેળામાં વિવિધ નામાંકિત કંપનીઓએ ભાગ લીધો હતો અને સહાયક ઈજનેર, ગુણવત્તા નિયંત્રણ અધિકારી, ઉત્પાદન ઈજનેર તેમજ ટૂલ રૂમ ઈજનેર સહિત કુલ 50 જેટલી જગ્યાઓ માટે રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. આ માટે બી.ઈ., એમબીએ, એમએસસી અને એમકોમ જેવી લાયકાત ધરાવતા અનુભવી તેમજ નવા ઉમેદવારોને તક આપવામાં આવી હતી. મહિલા અને પુરુષ બંને ઉમેદવારો માટે 35 વર્ષની વયમર્યાદા નક્કી કરવામાં આવી હતી.

આ પ્રસંગે યુ.ઈ.બી.ના મુખ્યા શ્રીમતી શીતલ સિનખેડે અને નાયબ વડા અલ્પેશ એલ. ચૌહાણે ઉમેદવારોને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે યુવાનોને પોતાના રસના ક્ષેત્રમાં સતત પ્રયત્નશીલ રહી રોજગારલક્ષી પોર્ટલ અને ભરતી મેળાઓનો વધુમાં વધુ લાભ લેવો જોઈએ.

તદુપરાંત, ઓવરસીસ કાઉન્સેલર અને સ્ટાફ દ્વારા વિદેશમાં ઉચ્ચ શિક્ષણ, રોજગારીની તકો તથા સુરક્ષિત અને કાયદેસર સ્થળાંતર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ સ્વરોજગાર, લોન સહાય, નવા ઉદ્યોગો અને કૌશલ્ય વિકાસ અંગે માહિતી આપવામાં આવી હતી. સરકારની વિવિધ યોજનાઓ જેવી કે પીએમ ઈન્ટર્નશિપ યોજના અને પીએમ વીબીઆરવાય યોજના અંગે પણ ઉમેદવારોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

રૂ.121 કરોડથી વધુના મેફેડ્રોન ડ્રગ્સ કેસમાં આરોપીના જામીન ફગાવાયા

આરોપીની અગાઉ કરેલી જામીન અરજી પણ નામંજૂર થઈ હતી

સીંધરોટ ગામે ફેક્ટરીમાં ડ્રગ્સ અને લિક્વિડ સાથેનો જથ્થો ઝડપાયો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરાની સેશન્સ કોર્ટએ મેફેડ્રોન બનાવટ અને સંગ્રહના ગંભીર એનડીપીએસ કેસમાં આરોપી શૈલેષ ગોવિંદ કટારીયાની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરી છે. કોર્ટે નોંધ્યું હતું કે આરોપીના કબજાવાળા ગોરવા સ્થિત મકાનમાંથી 24 કિલો 271 ગ્રામ મેફેડ્રોન, જેની કિંમત અંદાજે રૂ.121.38 કરોડ થાય છે, તે જથ્થો કબજે લેવાયો હતો. સરકાર પક્ષે દલીલ કરી હતી કે આરોપી અન્ય સહઆરોપીઓ સાથે મળી સીંધરોટ ગામની ફેક્ટરીમાં ગેરકાયદેસર રીતે મેફેડ્રોનનું ઉત્પાદન અને સંગ્રહ કરતો હતો. સમગ્ર કેસમાં 63 કિલો 613 ગ્રામ તૈયાર મેફેડ્રોન તેમજ મેફેડ્રોન બનાવવાના લિક્વિડ સાથે રૂ.477 કરોડથી વધુનો કોમર્શિયલ જથ્થો ઝડપાયો હતો.કોર્ટે નોંધ્યું હતું કે આરોપી કેમીસ્ટ તરીકે કામ કરતો હોવાથી તેને ડ્રગ્સ બનાવટ અંગે તકનિકી જાણકારી હતી અને તે અન્ય આરોપીઓ સાથે મેળાપીપણું કરીને ધંધામાં સંડોવાયો હતો. અગાઉ તેની જામીન અરજી ફગાવાઈ ચૂકી હોવા છતાં હાલ કોઈ નવા બદલાયેલા સંજોગો રજૂ કરવામાં આવ્યા નથી.

કોર્ટએ વધુમાં જણાવ્યું કે સહઆરોપીઓને જામીન મળ્યા હોવા છતાં હાલના આરોપીનો રોલ અલગ અને ગંભીર પ્રકારનો હોવાથી કોઈ લાભ મળી શકે નહીં. એનડીપીએસ એક્ટની કલમ 37 હેઠળની ટ્વીન કન્ડિશન પૂર્ણ થતી ન હોવાનું માની કોર્ટે અરજી ફગાવી દીધી હતી.

પાદરામાં જાહેરમાં જુગાર રમતા ચાર ઈસમ ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

પાદરા ટાઉન ના મસ્જીદવાળા ફળિયામાં જાહેર સ્થળે જુગાર રમતા ચાર ઈસમોને પાદરા પોલીસ સ્ટેશન ની ટીમે ઝડપી પાડી તેમની પાસેથી રોકડ રકમ સહિત મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસને મળેલી બાતમીના આધારે પાદરા ટાઉનના મસ્જીદવાળા ફળિયામાં આવેલી ખુલ્લી જગ્યાએ દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન ચાર ઈસમો પત્તા-પાનાં વડે રૂપિયાની હારજીતનો જુગાર રમતા ઝડપાઈ આવ્યા હતા. પોલીસે મોઈનભાઈ ઈકબાલભાઈ ગરાસીયા, જાવીદભાઈ ફકીરમોહમદ ખોખર, મોહમ્મદશરીફ ફિરોઝભાઈ સિંધી તથા અયુબભાઈ ઈસ્માઈલભાઈ મલેક (તમામ રહે. પાદરા વિસ્તાર)ને ઝડપી પાડ્યા હતા. સ્થળ પરથી પત્તા-પાનાં, જમીન દાવના રૂ. ૬,૨૫૦ તથા અંગઝડતીના રૂ. ૪,૯૦૦ મળી કુલ રૂ. ૧૧,૧૫૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પાદરા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાષ્ટ્રહિત સર્વોપરી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહ્વાનને માન આપ્યું

ગુજરાતના દિગ્ગજ નેતાઓ અને ઉદ્યોગપતિઓએ અમેરિકાનો પ્રવાસ રદ કર્યો

વિદેશી ચલણ બચાવવા અને આર્થિક સાવચેતી રાખવા વડોદરાના વેપારી સંગઠન VCCI એ પ્રતિનિધિમંડળમાં કર્યો ઘટાડો

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે દેશના વિદેશી ચલણના ભંડારને સુરક્ષિત રાખવા અને આર્થિક સાવચેતી જાળવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા આહ્વાનને ગુજરાતમાં વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. આગામી દિવસોમાં અમેરિકાના ફ્લોરિડા ખાતે યોજાનારા ભવ્ય ગુજરાતી કન્વેન્શનમાં હાજરી આપવા જનાર અનેક રાજકીય આગેવાનો અને ઉદ્યોગપતિઓએ રાષ્ટ્રહિતને પ્રાથમિકતા આપીને પોતાનો પ્રવાસ ટૂંકાવવાનો અથવા રદ કરવાનો નિર્ણય લીધો છે.

ગુજરાતના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર હર્ષ સંઘવીએ પણ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાનો અમેરિકા પ્રવાસ રદ કર્યો છે. તેમણે આયોજક સંસ્થા Federation of Gujarati Associations of USAને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે તેઓ રૂબરૂ હાજરી આપવા બદલે આગામી 23 મેના રોજ વર્ચ્યુઅલ માધ્યમથી કન્વેન્શનને સંબોધિત કરશે. સાથે જ આગામી 2028-29ના કન્વેન્શનમાં હાજરી આપવાની ખાતરી પણ વ્યક્ત કરી હતી.

અમેરિકાની અગ્રણી ગુજરાતી સંસ્થા FOGAUSA દ્વારા 22 થી 25 મે દરમિયાન ઓર્લાન્ડો, ફ્લોરિડા ખાતે 'સેકન્ડ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન'નું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તર અમેરિકામાં વસતા ગુજરાતીઓનો આ સૌથી મોટો મેળાવડો બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

તાજેતરમાં વડોદરાની મુલાકાતે આવેલા FOGAUSAના સ્થાપક પ્રમુખ ડૉ. વાસુદેવ પટેલ અને તેમની ટીમે ગુજરાતના અનેક આગેવાનોને આમંત્રણ પાઠવ્યું હતું. જોકે, વડાપ્રધાનના આહ્વાન બાદ વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝે મોટું પ્રતિનિધિમંડળ મોકલવાને બદલે માત્ર એક પ્રતિનિધિ તરીકે કિરીટ વડાલિયાને મોકલવાનો નિર્ણય કર્યો છે. વડોદરાના સાંસદ હેમાંગ જોશી સહિત અનેક આગેવાનો દ્વારા પણ પ્રવાસ મર્યાદિત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

FOGAUSAના આગેવાનો ડૉ. વાસુદેવ પટેલ, હર્ષદભાઈ પટેલ અને પી.વી. પટેલે ગુજરાત તરફથી મળેલા સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ નિર્ણયથી ફરી એકવાર સાબિત થયું છે કે રાષ્ટ્રહિતની વાત આવે ત્યારે ગુજરાત હંમેશા આગેવાની લે છે.

મહિલાઓને '181 અભયમ' એપ ડાઉનલોડ કરાવાઈ

કોનકોર્ડ પેઈન્ટિંગ પ્રેસમાં મહિલા કર્મી માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ઘરેલુ હિંસા, જાતીય સતામણી અને અભયમ સેવા અંગે માર્ગદર્શન અપાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા ખાતે આવેલી કોનકોર્ડ પેઈન્ટિંગ પ્રેસમાં આજરોજ મહિલા કર્મચારીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં કુલ 19 મહિલા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન મહિલાઓને ઘરેલુ હિંસા, જાતીય સતામણી, શારીરિક અને માનસિક ત્રાસ સહિત મહિલાઓને લગતા વિવિધ પ્રશ્નો અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં અભયમ 181 મહિલા હેલ્પલાઈનની સેવાઓ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. મહિલાઓને પરિવારિક સમસ્યાઓ, બિનજરૂરી કોલ અને મેસેજ, બ્લેકમેલિંગ તેમજ કાઉન્સેલિંગ જેવી સેવાઓ વિશે માહિતગાર કરવામાં આવી હતી. સાથે જ મહિલાઓને જરૂરી સલાહ-સૂચન અને કાનૂની માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

મહિલાઓને તાત્કાલિક મદદ મળી રહે તે હેતુથી તેમના સ્માર્ટ મોબાઈલમાં '181 અભયમ' મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી હતી. એપ્લિકેશનનો ઉપયોગ કેવી રીતે કરવો તેની પણ માહિતી આપવામાં આવી હતી. એપને ટચ કરવાથી અથવા મોબાઈલને જોરથી હલાવવાથી ગૂગલ લોકેશન દ્વારા મહિલાનું સ્થાન જાણી તાત્કાલિક મદદ પહોંચાડી શકાય છે તે અંગે સમજ અપાઈ હતી.કાર્યક્રમ દરમિયાન મહિલા કર્મચારીઓએ આ માહિતી ખૂબ ઉપયોગી અને માર્ગદર્શક હોવાનું જણાવ્યું હતું.

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ ગાજરાવાડી પાણીની ટાંકી

પાણી ભરેલા સંપના સ્લેબમાં પડેલું મસ મોટું ગાબડું છુપાવવા તંત્ર દ્વારા પતરા ઢાંકી દેવાયા

ફીડર લાઈનો નાખવા સ્લેબ જુદી જુદી જગ્યાએથી તોડાતા જર્જરિત બન્યો છે

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૧૫

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ ગાજરવાડી પાણીની ટાંકીના સંપમાં છેલ્લા કેટલાય દિવસથી મોટું ગામડું પડી ગયું છે. છતાં પણ તંત્રએ ઘોર બેદરકારી ઢાંકવા માટે ચારે બાજુએ પતરાથી ગાબડાને ઢાંકી દેવાયો હોવાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ઉલ્લેખનીય છે કે સ્થાનિકોમાં છેલ્લા સાત વર્ષથી દૂષિત પાણી પીવાના કારણે રોષ ફેલાયો હતો.

ઉલ્લેખનીય છે કે ગાજરાવાડી પાણીની ટાંકીના સંપનો આખો સ્લેબ જુદી જુદી જગ્યાએથી એટલો બધો તોડી નાખવામાં આવ્યો છે કે તેમાં કોઈ મોટું જનાવર કે વ્યક્તિ પડી જાય તો પણ પાણી ભરેલા સંપ માંથી બહાર નીકળી શકે તેવી સ્થિતિમાં નહીં હોવાથી પાણીમાં ડૂબી જઈ શકે છે. સંપના સ્લેબ પર ઠેક ઠેકાણે જુદી જુદી લાઈનો નાખી દેવાતા સ્લેબ હવે એકદમ જર્જરીત બની ગયો છે.

પાણી ભરેલા સંપમાં પડી જતા કોઈ મૃત્યુ પામે તો પણ ખબર પડે તેમ નથી

ગાજરાવાડી પાણીની ટાંકીના સ્લેબમાં જુદી જુદી ફીડરલાઇન નાખવાના કારણે સ્લેબ એટલો જર્જરીત બની ગયો છે કે કોઈપણ જનાવર કે પછી વ્યક્તિ સ્લેબ પરથી પસાર થતાં સ્લેબ તૂટી પડી શકે છે. પરિણામે ભૂલે ચૂકે પણ કોઈ પાણી ભરેલા સંપમાં પડે તો તેને બહાર કાઢવાની કોઈ વ્યવસ્થા નથી. પરિણામે પાણીમાં મૃત્યુ પામે તો પણ કોઇને ખબર પડી શકે તેમ નથી. પરિણામે ગાજરાવાડી વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની શક્યતા નકારી શકાતી નથી. આગામી ચોમાસાના દિવસો નજીકમાં છે ત્યારે વરસાદી પાણીથી ચારે બાજુની માટી પણ સંપમાં જાય તો નવાઈ નહીં.

જોકે સંપ માંથી બહાર આવવા માટે કોઈપણ જાતનો દાદર પણ નથી. જોકે પાણી ભરેલો સંપ ચારે બાજુએથી એટલો જર્જરીત થઈ ગયો છે કે, ભૂલથી પણ સ્લેબ પરથી કોઈ જનાવર કે વ્યક્તિ ચાલતા જાય તો પણ સ્લેબ તૂટી પડે તેવી સ્થિતિમાં જણાઈ રહ્યો છે. પાણી ભરેલા સંપમાં કોઈ વ્યક્તિ કે જીવ પડીને મૃત્યુ પામે તો પણ કોઈને ખબર પડે શકે તેમ નથી. પરિણામે આવું દૂષિત પાણી સ્થાનિક લોકોને પીવાની ફરજ પડતા વિના કારણે પાણીજન્ય રોગચાળાનો ભોગ બની શકે છે. જોકે સ્લેબ ચારે બાજુએથી જર્જરીત હાલત થવાનું મુખ્ય કારણ એ છે કે, પાલિકા તંત્ર દ્વારા સંપનો સ્લેબ ઠેક ઠેકાણેથી તોડીને જુદી જુદી ફિગર લાઈનો અંદર નાખવામાં આવી છે.

જોકે છેલ્લા કેટલાય વર્ષોથી આ સંપની સફાઈનું તંત્ર દ્વારા માત્ર નાટક જ કરાતું હોવાનું સ્થાનિકોનું કહેવું છે. કારણ કે સંપનો સ્લેબ ચારે બાજુથી જર્જરીત હાલતમાં હોવાથી કોઈપણ અંદર ઉતરતા જાનહાની શક્યતા નકારી શકાતી નથી. આગામી દિવસોમાં ગાજરાવાડી ટાંકીના પાણી ભરેલા સંપની સાફ સફાઈ અને જર્જરીત સ્લેબનું યોગ્ય રીપેરીંગ કામ કરવામાં નહીં આવે તો સ્થાનિકોને મેદાને આવવાની ફરજ પડી શકે છે.

ટ્રાફિક નિયમોના ભંગ કરનાર 107ને ઈ-ચલણ ફટકારાયા, 6 વાહનો ડિટેઈન

વડોદરામાં પોલીસ અને આરટીઓની સંયુક્ત ઝુંબેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 15

વડોદરા શહેરમાં ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવા શહેર પોલીસ અને આરટીઓ વિભાગ દ્વારા સંયુક્ત ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર તથા અધિક પોલીસ કમિશ્નર ડૉ. સુધીર દેસાઈ ના માર્ગદર્શન હેઠળ તા. ૧૩ અને ૧૪ મે, ૨૦૨૬ના રોજ વિશેષ ડ્રાઈવ યોજાઈ હતી.

નાયબ પોલીસ કમિશ્નર તેજલ પટેલ ના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક શાખા-પૂર્વના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ આરટીઓ વિભાગની સંયુક્ત ટીમોએ શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

ડ્રાઈવ દરમિયાન અનધિકૃત ખાનગી વાહનોમાં મુસાફરોની હેરફેર, ઓટો રિક્ષામાં ડ્રાઈવર સીટ પર મુસાફરો બેસાડવા જેવા નિયમભંગ તથા અનધિકૃત બહારની એલઈડી લાઈટ લગાવેલા વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન ટ્રાફિક પોલીસે કુલ ૭૪ ઈ-ચલણ ફટકાર્યા હતા અને ૦૫ વાહનો ડિટેઈન કર્યા હતા. જ્યારે આરટીઓ વિભાગ દ્વારા ૩૩ ઈ-ચલણ તથા ૦૧ વાહન ડિટેઈન કરવામાં આવ્યું હતું.

આમ, સંયુક્ત ઝુંબેશ અંતર્ગત કુલ ૧૦૭ ઈ-ચલણ ફટકારવામાં આવ્યા હતા અને કુલ ૦૬ વાહનો ડિટેઈન કરીને નિયમભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આજથી ઓનલાઈન અરજી શરૂ

શિક્ષણ વિભાગ દ્વારા BRC ,CRC અને URC કો-ઓર્ડિનેટરની ભરતી જાહેર

25 મે રાત્રે 12 વાગ્યા સુધી ફોર્મ ભરી શકાશે, ઓછામાં ઓછો 5 વર્ષનો શૈક્ષણિક અનુભવ જરૂરી :

(પ્રતિનિધિ)વડોદરા,તા.15

ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા બ્લોક રિસોર્સ સેન્ટર, ક્લસ્ટર રિસોર્સ સેન્ટર અને અર્બન રિસોર્સ સેન્ટર કો-ઓર્ડિનેટરની મોટી ભરતી જાહેર કરવામાં આવી છે. આજથી એટલે કે 15 મે 2026થી ઓનલાઈન અરજીનો પ્રારંભ થઈ ગયો છે.

ઈચ્છુક ઉમેદવારો 25 મે 2026ના રાત્રે 12 વાગ્યા સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. અરજી કરવા માટે ઓછામાં ઓછો 5 વર્ષનો શૈક્ષણિક અનુભવ ફરજિયાત છે. ઉમેદવારોએ https://www.ssagujarat.org વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્યના દરેક બ્લોક, ક્લસ્ટર અને શહેરી વિસ્તારમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે બીઆરસી, સીઆરસી અને યુઆરસી કો-ઓર્ડિનેટરની નિમણૂક કરવામાં આવે છે. આ કો-ઓર્ડિનેટરો શાળાઓનું મોનિટરિંગ, શિક્ષકોની તાલીમ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. શિક્ષણ ક્ષેત્રે અનુભવ ધરાવતા અને વહીવટી કામગીરીમાં રસ ધરાવતા ઉમેદવારો માટે આ સારી તક છે. વધુ વિગતો માટે સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવા જણાવવામાં આવ્યું છે.

લિકર કિંગ લાલુ સિંધી ગેંગના સૂત્રધાર સુનિલ ઉર્ફે અદાના 14 દિવસના રિમાન્ડ મંજૂર

ગુજસીટોક કેસમાં આરોપીની જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરાઈ હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

મધ્ય ગુજરાતમાં વિદેશી દારૂનુ નેટવર્ક ચલાવતા વારસિયાની લાલુ સિંધી ગેંગના સૂત્રધાર સુનિલ ઉર્ફે અદો કેવલ રામાણીની ગુરૂવારે પોલીસે વડોદરા સેન્ટ્રલ જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી હતી. ગુજસીટોક કેસમાં અત્યાર સુધીમાં ચાર આરોપીઓ ઝડપાઈ ચૂક્યા છે. દારૂના નેટવર્ક અને ગેંગની કામગીરી અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવા પોલીસે અદોને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે આગામી 29 મે સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

વારસિયા વિસ્તારમાં સક્રિય લાલુ સિંધી ગેંગના સૂત્રધાર લાલુ ઉર્ફે લાલચંદ હેમંતદાસ ખાનાણી અને સુનિલ ઉર્ફે અદો કેવલ રામાણી સહિત કુલ 12 આરોપીઓ સામે થોડાક સમય અગાઉ નંદેસરી પોલીસ સ્ટેશનમાં ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયો હતો. આ ગુનો નોંધાયા પહેલા સ્ટેટ મોનિટરિંગ સેલે લાલુ સિંધીના દારૂના અડ્ડાઓ પર ટૂંકા ગાળામાં સતત બે દરોડા પાડી વિદેશી દારૂનો જંગી જથ્થો જપ્ત કર્યો હતો. આ સમગ્ર પ્રકરણની તપાસ એસીપી એફ ડિવિઝન પ્રણવ કટારીયા દ્વારા કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં મુકેશ મખીજાણી, ધર્મેન્દ્ર ઉર્ફે લાલો ચૌહાણ અને મનોજ ઉર્ફે પાપડની ધરપકડ થઈ ચૂકી છે. જ્યારે સુનિલ ઉર્ફે અદોને સ્ટેટ મોનિટરિંગ સેલે અન્ય સાગરીતો સાથે હરિયાણાથી ઝડપી પાડ્યો હતો અને ત્યારથી તે વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલી આપ્યો હતો.

વડોદરા મહાનગરપાલિકા

HYPERLINK "http://www.vmc.gov.in"

www.vmc.gov.in

રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ

વડોદરા શહેરના ગોરવા પંચવટી પાસે નર્મદા કેનાલની બંને બાજુ વરસાદી ગટર પાઇપલાઇન ક્રોસીંગની કામગીરી કરવાની હોય સદર રોડ ખાતે હેવી મશીનરીઝ. મજુરો/કારીગરોની હેરફેર કરવાને તેમજ જાહેર સલામતી અર્થે સદર કામગીરી માટે ઉપરોક્ત રોડ પર વૈકલ્પીક રૂટ/સિંગલ લેનમાં ડાયવર્ટ કરી. સદર કામગીરીની સરળતા તેમજ જરૂરિયાત મુજબ તારીખ:-૧૭/૦૫/૨૦૨૬ થી દિન ૧૫ માટે સિંગલ લેન રસ્તો બંધ કરીને બંને તરફની પાઇપલાઇન ક્રોસીંગની નાંખવાની કામગીરી તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. તદુપરાંત ગોરવા મધુનગર જંક્શનથી કરોડિયા ગામ તરફ જતાં કેનાલ ઓવર બ્રીજ પર પણ બોરિયા તળાવનાં આઉટલેટ માટે RCC પ્રિ-કાસ્ટ બોક્ષ નાંખવાની પણ કામગીરી શરૂ કરવાની હોય ઉપરોક્ત રોડ પર વૈકલ્પીક રૂટમાં ડાયવર્ટ કરી. સદર કામગીરીની સરળતા તેમજ જરૂરિયાત મુજબ તારીખ:-૧૭/૦૫/૨૦૨૬ થી દિન ૧૫ માટે રસ્તો સંપૂર્ણ બંધ કરીને પ્રિ-કાસ્ટ બોક્ષ નાંખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. જેથી ગોરવા મધુનગર જંક્શન થી કરોડિયા તરફ જતાં કેનાલ ઓવરબ્રીજ નો રસ્તો સંપુર્ણ બંધ રહેશે.

આમ, તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે તારીખ:-૧૭/૦૫/૨૦૨૬ થી દિન ૧૫ માટે અથવા કામ પૂર્ણ થતાં સુધી ગોરવા પંચવટી પાસે નર્મદા કેનાલ પાસે રોડ સિંગલ લેન અને મધુનગર જંક્શનથી કરોડિયા ગામ તરફ જતાં કેનાલ ઓવર બ્રીજ નો રોડ સંપૂર્ણ બંધ રહેશે, તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી..આર.ઓ.નં. ૯૦ /૨૦૨૬-૨૭ ડ્રેનેજ-વ.ગટર પ્રોજેક્ટ શાખા ધ્વારા પ્રકાશિત

यूको बैंक UCO BANK
(भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का Honours Your Trust

માંજલપુર શાખા : ક્ષમા હાઈટ્સ, ઈવીએ મોલની પાસે, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧.
ફોન : ૦૨૬૫-૩૫૦૩૮૮૮, ઈમેલ : manjal@uco.bank.in

પઝેશન નોટિસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, **(સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર **યુકો બેંક, માંજલપુર શાખા**ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨)ની સત્તા સાથેસિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત અંતર્ગત **તા. ૨૦.૦૨.૨૦૨૬**ના રોજ **મુસ્કાનબાનું રાઠોડ D/o ઈકબાલખા ઈબ્રાહિમખા રાઠોડ અને ઈકબાલખા ઈબ્રાહિમખા રાઠોડ**ને ડીમાન્ડ નોટીસ જારી કરીને **રૂા. ૬,૭૫,૨૦૦.૭૪/- (રૂા. છ લાખ પંચોતેર હજાર બસો અને ચુમોતેર પૈસા પુરા)** (તા. ૩૧.૦૧.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૩૧.૦૧.૨૦૨૬ થી ચડત વ્યાજ અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાઓને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ની કલમ ૧૩ ની પેટા કલમ (૪)ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે **તા. ૧૪.૦૫.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધો છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક, માંજલપુર શાખાની રકમ રૂા. ૬,૭૫,૨૦૦.૭૪/- (રૂા. છ લાખ પંચોતેર હજાર બસો અને ચુમોતેર પૈસા પુરા)** (તા. ૩૧.૦૧.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૩૧.૦૧.૨૦૨૬ ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજા સહિત રહેશે. (૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેક્સન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

રાઠોડ મુસ્કાનબાનું ઈકબાલખાની માલિકની મિલકતનો યુનીટ નં. ૧૬ પૈકી દક્ષિણ બાજુનો ભાગ, ઝોહરા પાર્કની પાસે, તરસાણા ચોકડી પાસે, ગામ અને તાલુકા-ડભોઈ, જિ. વડોદરા–૩૯૧૧૧૦, ક્ષેત્રફળ ૨૭.૮૮ સ્કે. મીટર, પ્લોટ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગનો રોડની જમીનનો ક્ષેત્રફળ ૧૦ સ્કે. મીટર, કુલ ૩૭.૮૮ સ્કે. મીટર, જે સ્થિત ગામ અને તાલુકા, ડભોઈ, જિ. વડોદરા ખાતે આવેલ મિલકત. સેલ ડીડ નં. ૨૯૩, તા. ૩૧.૦૧.૨૦૨૨

ચતુરસીમા : ● **પુર્વે** : પ્લોટ નં. ૨૬નો ભાગ ● **પશ્ચિમે** : રોડ ● **ઉત્તરે** : પ્લોટ નં. ૧૬ પૈકી પછીની જમીન ● **દક્ષિણે** : પ્લોટ નં. ૧૭

તારીખ : ૧૪.૦૫.૨૦૨૬ સહી/- **અધિકૃત અધિકારી,**
સ્થળ : ડભોઈ, વડોદરા (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.) **યુકો બેંક**

Repco Home Finance

રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ

વડોદરા શાખા : ૨૦૬, પહેલો માળ, અર્થ કોમ્પ્લેક્ષ, મલ્હાર પોઈન્ટની પાસે, જુનો પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૦૨.

પઝેશન નોટીસ **(સ્થાવર મિલકત માટે)**

આથી, **રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૯ અંતર્ગત નીચે દર્શાવેલ તારીખે ડીમાન્ડ નોટીસ ઉધારકર્તા ને માંગણા નોટીસ જારી કરીને નોટીસમાં જણાવેલ તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ સાથે ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તા, સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા, સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૯ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૩.૦૫.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતોનો કબજો લઈ લીધેલ છે.

ઉધારકર્તા, સહ-ઉધારકર્તા અને જામીનદારોને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ, વડોદરા શાખાની** દરેક એકાઉન્ટની બાકી રકમ અને વ્યાજ સાથેના બોજાને આધીન રહેશે.

"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." સુરક્ષિત લેણદાર દ્વારા કરવામાં આવતા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ સાથે, સુરક્ષિત મિલકતના વેચાણ અથવા ટ્રાન્સફર માટે નિર્ધારિત તારીખ પહેલાં કોઈપણ સમયે તમામ દ્વારા રજુ કરવામાં આવશે.

ક્રમ નં. ૧ :- ઉધારકર્તા : શ્રી મહેન્દ્રસિંહ બી વાલા S/o શ્રી બટુકસિંહ એમ વાલા, પ્લોટ નં. બી/૩૦૨, ત્રીજો માળ, રાજહંસ એવન્યુ, સબરી સ્કુલની પાછળ, સૈયદ - વાસણા રોડ, વડોદરા - ૩૯૦૦૨૧ **અને અહીં પણ :** આર.એસ. નં. ૨૯૪, ટીપી સ્કીમ નં. ૧૫, એફપી નં. ૧૫૫, ફ્લેટ નં. બી/૨૦૧, બી - ટાવર, બીજો માળ, રાજહંસ એવન્યુ, સબરી સ્કુલની પાછળ, સૈયદ - વાસણા રોડ, વડોદરા - ૩૯૦૦૨૧ **અને અહીં પણ :** ક્રિષ્ના સ્વીટ માર્ટ, નં. ૨, આર.કે. કોર્નર, આશારુમ, વડોદરા - ૩૯૦૦૨૧ **અને અહીં પણ :** આર.એસ. નં. ૨૯૪, ટીપી સ્કીમ નં. ૧૫, એફપી નં. ૧૫૫, ફ્લેટ નં. બી/૩૦૨, બી - ટાવર, ત્રીજો માળ, રાજહંસ એવન્યુ, સબરી સ્કુલની પાછળ, સૈયદ - વાસણા રોડ, વડોદરા - ૩૯૦૦૨૧, **સહ - ઉધારકર્તા : શ્રીમતી પ્રિતીબા એમ વાલા W/o મહેન્દ્રસિંગ બી વાલા,** પ્લોટ નં. બી/૩૦૨, ત્રીજો માળ, રાજહંસ એવન્યુ, સબરી સ્કુલની પાછળ, સૈયદ - વાસણા રોડ, વડોદરા - ૩૯૦૦૨૧ **અને અહીં પણ :** આર.એસ. નં. ૨૯૪, ટીપી સ્કીમ નં. ૧૫, એફપી નં. ૧૫૫, ફ્લેટ નં. બી/૨૦૧, બી - ટાવર, બીજો માળ, રાજહંસ એવન્યુ, સબરી સ્કુલની પાછળ, સૈયદ - વાસણા રોડ, વડોદરા - ૩૯૦૦૨૧ **અને અહીં પણ :** આર.એસ. નં. ૨૯૪, ટી પી સ્કીમ નં. ૧૫, એફપી નં. ૧૫૫, ફ્લેટ નં. બી/૩૦૨, બી - ટાવર, ત્રીજો માળ, રાજહંસ એવન્યુ, સબરી સ્કુલની પાછળ, સૈયદ - વાસણા રોડ, વડોદરા - ૩૯૦૦૨૧, **જામીનદાર : શ્રી હરીશકુમાર બટુકસિંહ વાલા S/oબટુકસિંહ એમ વાલા,** પ્લોટ નં. ૩૦૨, અવધ રેસીડેન્સી ફ્લેટ, વાસણા રોડ, બરોડા - ૩૯૦૦૨૦ **અને અહીં પણ :** રાજ વિઝન વિડીઓ, પ્લોટ નં. ૧૦૧૦, જવાહર ચોક, તળાજા, ભાવનગર - ૩૬૪૧૪૦. **ડીમાન્ડ નોટીસ : ૨૮.૦૧.૨૦૨૬, ડીમાન્ડ નોટીસ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૧૮૨૧૮૭૧૦૦૦૦૬૮ અને ૧૮૨૧૮૧૧૦૦૦૦૬૬), રૂા. ૧૩,૭૯,૭૧૯/- અને રૂા. ૫,૩૯,૨૯૬/- અનુક્રમે તા. ૨૪.૦૧.૨૦૨૬ ના રોજ થી ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, હાલની બાકી રકમ રૂા. ૧૪,૬૦,૭૩૭/- અને રૂા. ૫,૬૨,૬૮૩/-, તા. ૦૮.૦૫.૨૦૨૬ સુધીના.**

મિલકતોનું વર્ણન : આઈટમ નં. ૧ :- રજીસ્ટર્ડ મોર્ગેજ / અનરજીસ્ટર્ડ કાયદેસર ગિરવે મુકેલ મિલકતનો ફ્લેટ નં. બી/૨૦૧, બીજો માળ, ટાવર - બી, "રાજહંસ એવન્યુ", ક્ષેત્રફળ ૬૩.૦૬ સ્કે.મી., અવિભાજીત હકક સાથેની જમીનનું ક્ષેત્રફળ ૩૯.૪૧ સ્કે.મી., બાંધકામનો આર.એસ. નં. ૨૯૪, ટી પી સ્કીમ નં. ૧૫,એફપી નં. ૧૫૫, ક્ષેત્રફળ ૧૫૦૦ સ્કે.મી., જે સ્થિત ગામ - સૈયદ - વાસણા, રજીસ્ટ્રેશન જીલ્લો - વડોદરા અને સબ જીલ્લો - વડોદરા.

આઈટમ નં. ૨ :- રજીસ્ટર્ડ મોર્ગેજ / અનરજીસ્ટર્ડ કાયદેસર ગિરવે મુકેલ મિલકતનો ફ્લેટ નં. બી/૩૦૨, ત્રીજો માળ, ટાવર - બી, "રાજહંસ એવન્યુ", ક્ષેત્રફળ ૬૧.૧૨ સ્કે.મી., બાંધકામનો આર.એસ. નં. ૨૯૪, ટી પી સ્કીમ નં. ૧૫,એફપી નં. ૧૫૫, ક્ષેત્રફળ ૧૫૦૦ સ્કે.મી., જે સ્થિત ગામ - સૈયદ - વાસણા, રજીસ્ટ્રેશન જીલ્લો - વડોદરા અને સબ જીલ્લો - વડોદરા.

ક્રમ નં. ૨ :- ઉધારકર્તા : શ્રી મહેતા બિરજુપ્રસાદ S/o શ્રી કરીપ્રસાદ મહેતા, નં. ૧૮૦, નિજાનંદ સોસાયટી - ૨, વડસલ ઈટોલા, વડોદરા - ૩૯૧૨૪૦ **અને અહીં પણ :** રાજપુરોહિત પ્રોફાઈલ પ્રા. લિ, નેશનલ હાઈવે - ૦૮, પોર, વડસાલા, વડોદરા - ૩૯૧૨૪૦ **અને અહીં પણ :** પ્લોટ નં. ૪૮, નિજ્ઞાનંત સોસાયટી, રેલ્વે ક્રોસીંગની પાસે, વડસલ - ૩૯૧૨૪૦ **સહ - ઉધારકર્તા : શ્રીમતી ડોલી કુમારી W/o બિરજુ મહતો,** નં. ૧૮૦, નિજાનંદ સોસાયટી - ૨, વડસલ ઈટોલા, વડોદરા - ૩૯૧૨૪૦ **અને અહીં પણ :** પ્લોટ નં. ૪૮, નિજ્ઞાનંત સોસાયટી, રેલ્વે ક્રોસીંગની પાસે, વડસલ - ૩૯૧૨૪૦.

ડીમાન્ડ નોટીસ : ૨૬.૦૨.૨૦૨૬, ડીમાન્ડ નોટીસ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૧૮૨૧૮૭૦૦૦૦૦૭૫૬), રૂા. ૨,૩૨,૮૫૪/- અનુક્રમે તા. ૦૯.૦૨.૨૦૨૬ ના રોજ થી ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, હાલની બાકી રકમ રૂા. ૨,૫૬,૧૨૧/-, તા. ૧૧.૦૫.૨૦૨૬ સુધીના.

મિલકતોનું વર્ણન : તમામ ભાગ અને હિસ્સા સાથેની બીન ખેતીલાયક પ્લોટની જમીન, મોજે - વડસાલા, વડોદરા, જમીનનો આર.એસ. નં. ૩૯૧, "નિજાનંદ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમીટેડ, વિભાગ - ૨" થી જાણીતું, પૈકી ઘર નં. ૪૮, પ્લોટનું ક્ષેત્રફળ ૨૩.૧૯ સ્કે.મી., ૭ બાંધકામનું ક્ષેત્રફળ ૨૩.૧૯ સ્કે.મી., ગ્રામ પંચાયત હાઉસ નં. ૫૨૭, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - વડોદરા અને જીલ્લો - વડોદરા. **ચતુઃસીમા : પૂર્વે :** બ્લોક નં. ૪૭, **પશ્ચિમે :** બ્લોક નં. ૪૯, **ઉત્તરે :** બ્લોક નં. ૯૬, **દક્ષિણે :** ૬ મી. રોડ.

તારીખ : ૧૩.૦૫.૨૦૨૬ **અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમિટેડ**